ક્રિ.કેસ નં. ૪૫૯૮૮/૨૦૧૧
આંક–

## ૨૮ માં એડી. સીનીયર સિવીલ જજ અને એડી. ચીફ જ્યુ. મેજી., વડોદરા

**શ્રી સરકાર ......... ફરીયાદી**

**વિ.**

**વાસુદેવ મુલચંદ ખંડેલવાલ .......... આરોપી**

**ગુન્હો : ઈ.પી.કો. કલમ ૨૭૨,૨૭૭ તથા ધી સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડકટસ (પ્રોહીબીશન ઓફ એડવર્ટાઈઝમેન્ટ એન્ડ રેગ્યુલેસન ઓફ ટ્રેડ એન્ડ કોમર્સ પ્રોડકશન, સપ્લાય એન્ડ ડીસ્ટ્રીબ્યુશન) એકટ ૨૦૦૩ ની કલમ–૬, ૨૦ અને ૨૨ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ ની કલમ–૨૩ અને ૨૫ મુજબ**

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપી સામે આક્ષેપીત ગુન્હો એવો છે કે તેઓ બેદરકારીપુર્વક કોઈ રોગ કે જે માનવજીવન માટે જોખમી હોય તેનુ ઈન્ફેકશન ફેલાય તેવુ કૃત્ય કરતા મળી આવેલા. આ પ્રકારના આક્ષેપીત ગુન્હા સંબંધેની ફરીયાદ આરોપી સામે નોંધી તપાસના અંતે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ રજુ કરતા તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી હાલનો કેસ નંબર આવેલ છે.
(૨) ગુન્હાના કામે આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ,પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરોપીએ તેઓ આ ગુન્હો સ્વેરછીક રીતે કબુલ કરતા હોવાનું જણાવી તે સંબંધે કબુલાત પુરશીસ રજુ કરેલ છે તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી શકય તેટલી ઓછી સજા કરવા અરજ કરેલ. આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં પણ તેઓએ ગુન્હો સ્વેરછીક કબુલ કરતા હોવાનું જણાવેલ.
(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતાં આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા માત્ર દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાય છે. આ સંબંધે 'નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)' ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ બાબતો વંચાણે લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ તેઓ સામેના આક્ષેપીત ઈ.પી.કો. કલમ ૨૭૨,૨૭૭ તથા ધી સીગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડકટસ (પ્રોહીબીશન ઓફ એડવર્ટાઈઝમેન્ટ એન્ડ રેગ્યુલેસન ઓફ ટ્રેડ એન્ડ કોમર્સ પ્રોડકશન, સપ્લાય એન્ડ ડીસ્ટ્રીબ્યુશન) એકટ ૨૦૦૩ ની કલમ–૬, ૨૦ અને ૨૨ તથા જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૦૦ ની કલમ–૨૩ અને ૨૫ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સંયુકત રીતે આરોપીને રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે.
(૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન–૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.
(૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ વિગેરે સંબંધે કોગ્નીઝન્સ લેવા ઈનકાર કરતો હુકમ આંક–૧ લગત અલગથી થયેલો છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧

દશરથસિંહ જાલમસિંહ પરમાર
૨૮ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જ્યુ.મેજી., વડોદરા.
જી.જે.૦૧૧૭૧